# સુરત મહાનગરપાલિકા

---------------------

# નગર નિયોજન સમિતિ

---------------------

# સુ ચ ના

------------

સુરત મહાનગરપાલિકાની **નગર નિયોજન સમિતિની** એક સભા **તા.૨૦–૫–૨૦૨૫** ના રોજ **સાંજના ૪–૦૦** કલાકે મહાનગરપાલિકા કચેરીના નવા એનેક્ષી બિલ્ડીંગના **"સ્થાયી સમિતિ સભાખંડ"** માં નીચે જણાવેલ કામો પર વિચારણા કરવા સારુ મળશે.

૦૧. મ્યુ.ક.શ્રીનો તા.૫–૫–૨૦૨૫ નો પત્ર, નગર રચના યોજના નં.૧૭ (પુણા) ને અંતિમ કરવાની કામગીરી અંતર્ગત નગર રચના અધિકારીશ્રી અને નગર નિયોજકશ્રી–૨ ની કચેરી ધ્વારા તેઓના તા.૩૦/૧૨/૨૦૨૪ ના પત્ર ક્રમાંક : નરયો નં.૧૭(પુણા)/પાર્ટ પ્લાન/ડી.પી.વિસંગતતા/૬૫૮૮ સાથે પાઠવેલ નકશામાં દર્શાવ્યા મુજબ નગર રચના યોજના નં.૧૭(પુણા) માં દક્ષિણ પૂર્વે તરફે સ્થળ સ્થિતી ને અનુરૂપ સુચિત કરવામાં આવેલ ૩૦.૦૦ મી. ટી.પી. રસ્તાની એલાઈમેન્ટને સુસંગત થાય તે મુજબ વિકાસ યોજના–૨૦૩૫ માં મોજે : પુણાના બ્લોક નં.૭૭૦ થી ૭૫૮ સુધીના ફાઈલ સાથે સામેલ નકશામાં લાલ રંગથી દર્શાવેલ રસ્તારેખા રદ કરી, તદઅનુસાર મુકત થતી સદર ડી.પી. રોડ પૈકીની જગ્યા "રેસીડેન્સીયલ" ઝોનમાં નિયત કરવા તથા ભુરા રંગથી દર્શાવેલ રસ્તારેખા મુજબ ૩૦.૦૦મી. પહોળાઈનો ડી.પી. રોડ નિયત કરવા માટે ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એકટ–૧૯૭૬ ની કલમ–૧૯ હેઠળ સુડાના વિકાસ નકશા–૨૦૩૫ માં વેરીએશન કરવા અંગે યોગ્ય નિર્ણય થવા તથા નિર્ણય થયેથી તે અંગે સુડા/સરકારશ્રીમાં જરૂરી પત્ર વ્યવહાર કરવા સહિતની તમામ આનુસાંગિક કાર્યવાહી કરવા મ્યુ. કમિશ્નરશ્રીને અધિકૃત કરવા બાબત.

૦૨. મ્યુ.ક.શ્રીનો તા.૧૬–૫–૨૦૨૫ નો પત્ર, સુરત મહાનગરપાલિકાની હદમાં સમાવિષ્ટ સુચિત નગર રચના યોજના, સુરત નં.૯૬(વરીયાવ)ને મુખ્ય નગર નિયોજકશ્રી, ગાંધીનગરના પત્ર નં. ૬.ગુ./સુરત મહાનગરપાલિકા/૪૧(૧)/નરયો નં.૯૬(વરીયાવ)/૩૪૪૨, તા.૩૦/૧૧/૨૦૨૪ થી અધિનિયમની કલમ–૪૧(૧) હેઠળ આપેલ પરામર્શ અન્વયે સુચિત નગર રચના યોજના ૯૬(વરીયાવ) તૈયાર કરવા અંગે ઈરાદો જાહેર કરવા તેમજ દરખાસ્તના મુદ્દા નં.(અ) થી (ડ) અંગે મંજુરી આપવા બાબત.

૦૩. મ્યુ.ક.શ્રીનો તા.૧૬–૫–૨૦૨૫ નો પત્ર, સુરત મહાનગરપાલિકાની હદમાં સમાવિષ્ટ સુચિત નગર રચના યોજના, સુરત નં.૯૫(ગભેણી)ને મુખ્ય નગર નિયોજકશ્રી, ગાંધીનગરના પત્ર ક્રમાંક નં–: દ. ગુ. / સુરત મહાનગરપાલિકા /૪૧(૧) / નરયો નં. ૯૫ (ગભેણી) /૨૦૨૪/૩૧૪૬, તા.૩૦/૧૦/૨૦૨૪ થી અધિનિયમની કલમ–૪૧(૧) હેઠળ આપેલ પરામર્શ અન્વયે સુચિત નગર રચના યોજના ૯૫(ગભેણી) તૈયાર કરવા અંગે ઈરાદો જાહેર કરવા તેમજ દરખાસ્તના મુદ્દા નં.(અ) થી (ડ) અંગે મંજુરી આપવા બાબત.

૦૪. મ્યુ.ક.શ્રીનો તા.૧૬–૫–૨૦૨૫ નો પત્ર, સુરત મહાનગરપાલિકાની હદમાં સમાવિષ્ટ સુચિત નગર રચના યોજના, સુરત નં.૯૭(કુંભારીયા)ને મુખ્ય નગર નિયોજકશ્રી, ગાંધીનગરના પત્ર ક્રમાંક નં :– દ. ગુ. /સુરત મહાનગરપાલિકા /૪૧(૧) /નરયો નં. ૯૭ (કુંભારીયા) /૩૧૩૬, તા.૨૯/૧૦/૨૦૨૪ થી અધિનિયમની કલમ–૪૧(૧) હેઠળ આપેલ પરામર્શ અન્વયે સુચિત નગર રચના યોજના ૯૭(કુંભારીયા) તૈયાર કરવા અંગે ઈરાદો જાહેર કરવા તેમજ દરખાસ્તના મુદ્દા નં.(અ) થી (ડ) અંગે મંજુરી આપવા બાબત.

આ દે શ થી,

ઈ.ચા.મ્યુ.સેક્રેટરી
સુરત મહાનગરપાલિકા.

મહાનગરપાલિકા કચેરી,
સુરત, તા.૧૭–૫–૨૦૨૫.

CSP